# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૮/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# પ્રભાવશાળી વકતવ્યમાં પોશ્ચર અને જેશ્ચરની સાથે શબ્દભાર અતિ આવશ્યક છે : નિખિલ મદ્રાસી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૭ ઓકટોબર, ૨૦૨૧ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'પાવર ઓફ પબ્લીક સ્પીકિંગ એન્ડ કોમ્યુનિકેશન' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે નિખિલ મદ્રાસી દ્વારા વકતામાં કયા–કયા પ્રકારના ગુણો હોવા જરૂરી છે? તે વિશે મહત્વની સમજણ આપી હતી.

નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વકતાનું પોશ્ચર એટલે કે વકતાની શારીરિક સ્થિતિ એ વકતાનું સૌથી અગત્યનું પાસું છે. બે પગ વચ્ચે એક નાની ફૂટ જેટલું અંતર રાખવું ખૂબ જરૂરી છે. એટલું જ નહી બંને પગ પર એકસરખો ભાર આપવાથી વકતાની મુદ્રા પ્રભાવશાળી બને છે. બીજું સૌથી અગત્યનું પાસું વકતા માટે હોય તો તે તેનું જેશ્ચર છે. એટલે કે હાવભાવ. હાથના મર્યાદિત ઉપયોગથી અને ચહેરાના હાવભાવથી વકતવ્ય વધુ પ્રભાવશાળી બને છે. દા.ત. 'જોમ' શબ્દ બોલાય તો તમારા હાથની એકશનમાં અને ચહેરા પર પણ જોમ દેખાવું જ જોઇએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વકતવ્યમાં પોઝ એટલે કે વિરામની પણ અતિ આવશ્યકતા છે. અલ્પવિરામ, પૂર્ણવિરામ, ઉદ્દગાર વાકય અને દુઃખ ચીન્હ યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ વપરાવા જોઇએ. જેથી અર્થનો અનર્થ નહી થાય. વકતવ્યમાં શબ્દભાર પણ ખૂબ જરૂરી છે. કોઇપણ એક વાકયના અલગ અલગ શબ્દો પર ભાર મૂકવામાં આવે તો અર્થ બદલાતા હોય છે માટે શબ્દભાર પણ અતિ આવશ્યક છે.